# માનવ સેવા મંદિર
# Manav Seva Mandir

||ન માનુષાત્ પરો ધર્મઃ||

FED. ID# 363305973

101 South Church Road • Bensenville, Illinois 60106
Tel. 630-860-9797 • Fax. 630-860-9825
www.manavsevamandir.org

YEAR 26 VOLUME 2 WWW.MANAVSEVAMANDIR.ORG MAY 2012


**સંસ્થા સમાચાર:** આ વર્ષનો પ્રથમ ઉત્સવ "નવગ્રહ પૂજા" ની માહિતી ગતાંકમાં આપવામાં આવી હતી. ત્યાર બાદ આપણા મંદિરમાં નીચે પ્રમાણેના ઉત્સવો ઉજવાયા.

**મહાશિવરાત્રિ:** ૧૯ મી ફેબ્રુઆરી, ૨૦૧૨ ને રવિવારના રોજ મહાશિવરાત્રિ મહોત્સવ ભારે ધૂમધામથી ઉજવાયો. જુદા જુદા રંગના ૧૧ પાર્થેશ્વર શણગારીને બરફના મોટા શિવલીંગ પાસે મુકી દ્વાદશ શિવલીંગના દર્શનથી શ્રધ્ધાળુઓ ખૂબ જ આનંદ વિભોર થયા. આ વર્ષની મહાશિવરાત્રિનું મુખ્ય આકર્ષણ ચાર પહોરની પૂજાનું હતું. દરેક પહોરની પૂજામાં ચારથી પાંચ દંપતીઓએ યજમાન બની ભવ્ય પૂજાનો અનોખો લાભ લીધો, સાંજની આરતી પછી ૬૫૦ જેટલા હરિભક્તોએ ફળાહારી મહાપ્રસાદનો લાભ લીધો, આખીય રાત્રિ દરમ્યાન મંદિર હરિભક્તોની ભીડથી ભરેલું રહ્યું.

**હોલિકા દહન અને કવિ સંમેલન** : ૭ મી માર્ચ ૨૦૧૨ ને બુધવારના રોજ હોલિકા દહન અને કવિ સંમેલનની ઉજવણી કરવામાં આવી. આખા દિવસ દરમ્યાન ૬૦ થી વધુ માઇલની ઝડપે પવન ફુંકાતો હોવા છતાં મંદિરના સ્વયંસેવકોએ શ્રધ્ધા પૂર્વક હોલિકા દહનની તૈયારી કરી, સાંજના ૬:30 કલાકે પવનની ગતિ ધીમી થતાં હોલિકા દહન કરવામાં આવ્યું. પ્રતિકૂળ વાતાવરણમાં પણ ૭00 થી વધારે હરિભક્તોએ હોલકિા દર્શનનો લાભ લીધો. પ્રાર્થના ગૃહમાં ૬:30 થી ૭:૧૫ સુધી કવિ સંમેલનનો પ્રોગામ લગભગ ૧૫ જેટલા નવોદિત કવિઓ દ્વારા સંપન્ન થયો. ભક્તજનોએ તાળીઓના ગડગડટ સાથે કવિઓનું સન્માન કર્યું. ત્યારબાદ આરતી અને છેલ્લે ધાણી, ખજૂર અને લાડુના પ્રસાદ બાદ કાર્યક્રમ પુરો થયો.

**ગુજરતી નાટિકા:** આ વર્ષે આપણે છ ગામ પાટીદાર સમાજના સહયોગથી "પત્નિ નચાવે ભગવાન બચાવે" નાટક ૧0 મી માર્ચના ૨0૧૨ ને શનિવારના રોજ રજું કર્યું, જેમાં ૭00 જેટલા પ્રેક્ષકોએ કાર્યક્રમને સફળ બનાવ્યો. ગરમ ગરમ ગોટા અને ચાની મજા માણી.

**રામનવમી અને રામાયણ પાઠ:** ચૈત્રી નવરત્રિની શરૂઆત ૨૩ મી માર્ચ ૨0૧૨ ને શુક્રવારના દિવસે થઈ, નવરાત્રિ દરમ્યાન દરરોજ રામાયણનું પઠન ૬0 થી વધારે ભક્તોએ કર્યું. ૩૧ માર્ચ ને શનિવારના રોજ સંગીત સાથે ઉત્તરકાંડ વાંચી રામાયણની પૂર્ણાહૂતિ સવારે ૧૧ વાગે થઇ, ત્યાર બાદ મુખ્ય યજમાન સાથે પાંચ દંપતીઓએ રામજીની ષોડષોપચાર પૂજા બાદ બરાબર બપોરના ૧૨ વાગે રામજન્મ થયો, રામજન્મની ઉજવણી બાદ આરતી થઈ, ૫00 જેટલા હરિભક્તોએ મહાપ્રસાદનો લાભ લીધો.

**સુંદરકાંડ:** ૬ ઠ્ઠી એપ્રિલ, ૨0૧૨ ને શુક્રવારના રોજ સાંજે ૫:00 વાગે હનુમાનજી મહારાજની પૂજા કર્યા બાદ, ૫00થી વધુ હનુમાન ભક્તોની હાજરીમાં સુંદરકાંડનું પઠન સંગીત સાથે કરવામાં આવ્યું. ૭:30 વાગે આરતી બાદ મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી.

**આભાર:** માનવ સેવા મંદિરની મેનેજમેનટ તરફથી જે જે યજમાનોએ ઉપરોક્ત ઉત્સવોમાં યજમાન બની ઉત્સવોને સફળ બનાવ્યા છે, તે બદલ અમે આપના આભારી છીએ.સાથે સાથે સ્વયંસેવક ભાઈ-બહેનોનો પણ આભાર માનીએ છીએ.


# આગામી ઉત્સવો અને કાર્યક્રમો

**પીકનીક:** માનવ સેવા મંદિર દ્વારા પ્રથમ પીકનીકનું આયોજન ૧૬મી જૂન ૨૦૧૨ને શનિવારના રોજ Grove #11, Cumberland and Irving Park Road Chicago ખાતે કરવામાં આવ્યું છે.પીકનીક સવારે ૧૦ વાગે શરૂ થશે, સવારે ચા, નાસ્તો (ગરમ ગરમ ગોટા, મરચાં પાપડી વગેરે) ત્યાર બાદ જુદી જુદી રમતો, બાળકો માટે ટટ્ટુ સવારીની સગવડ છે. સાંજના જમણ પછી ૭ વાગે પીકનીક પુરી થશે. ટીકીટની કિંમત ૫ ડોલર છે. અને મંદિરમાંથી મળી રહેશે.

**કથા અને ૧૯ મો પાટોત્સવ:** ૨૧ મી જુલાઇ ૨૦૧૨ ને શનિવાર કથા આરંભ કરવામાં આવશે. અને તેની પૂર્ણાહૂતિ ૨૭ મી જુલાઇ ૨૦૧૨ ને શુક્રવારે સાંજે કરવામાં આવશે.આ કથામાં પરમ પૂજ્ય ગિરિરાજ મહારાજ વ્યાસપીઠ પર બીરાજશે. તેમનો પરિચય આ ન્યુઝ લેટરમાં આપેલ છે. આપણો ૧૯ પાટોત્સવ શનિવાર, ૨૮ મી જુલાઇ ૨૦૧૨ અને રવિવાર ૨૯ મી જુલાઇ ના રોજ ઉજવવામાં આવશે.

**વિનંતી:** હરિભક્તોને વિનંતી કરવામાં આવે છે કે કથા અને પાટોત્સવ દરમ્યાન યજમાન થઇ દરેક પ્રસંગ અને પૂજાનો લાભ લેશો, યજમાન માટેની વધુ માહિતી આ જ ન્યુઝ પેપરમાંથી મળી શકશે.

**જન્માષ્ટમી (કૃષ્ણ જયંતી):** ૯ મી ઓગષ્ટ ૨૦૧૨ ને ગુરૂવારના રોજ જન્માષ્ટમી ઉજવવામાં આવશે,રાતના ૮:૦૦ વાગ્યાથી ભજન કીર્તન શરૂ થશે અને રાતના ૧૨:૦૦ વાગે કૃષ્ણ જન્મ થશે.



**યજમાન બની પૂજાનો લાભ લેવા મંદિરનો સંપર્ક સાધશો.**

**નંદ મહોત્સવ** : ૧૧ મી ઓગષ્ટ ૨૦૧૨ ને શનિવારના રોજ ૫:૦૦ વાગ્યાથી નંદ મહોત્સવની ઉજવણી શરૂ થશે. ત્યાર બાદ આરતી અને મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી છે.



**યજમાન બની પૂજાનો લાભ લેવા મંદિરનો સંપર્ક સાધશો.**

**અધિક માસ:** વિક્રમ સંવત ૨૦૬૮ માં પ્રથમ ભાદરવો અધિક માસ છે. અધિક માસની શરૂઆત ૧૮ મી ઓગષ્ટ ૨૦૧૨ ને શનિવારથી થાય છે.અધિક માસના પ્રોગ્રામની રૂપરેખા સત્વરે માંદિરના નોટિસ બોર્ડ પર મૂકવામાં આવશે

**ખાસ નોંધ:** હવે પછીનો ન્યુઝ લેટર મંદિરની Website ઉપરથી Download કરી શકાશે, વધુમાં આપનું Email Address મંદિરની આફિસમાં આપશો, જેથી Up comimg events Email દ્વારા સર્વે માહિતી મળી શકે.

# શ્રી માનવ સેવા મંદિરનો ૧૯ મો પાટોત્સવ
# તથા સપ્તદેવ કથા અને જ્ઞાનયજ્ઞ

# શુભ આમંત્રણ- જુલાઈ ૨૦૧૨

પરમ ભગવદીય ભક્ત શ્રીમાન/શ્રીમતી,

પરમ બ્રહ્મ શ્રી પરમાત્માની અસીમ કૃપાથી આપણા મંદિરનો ઓગણીસમો પાટોત્સવ જુલાઈ ૨૮ શનિવાર અને જુલાઈ ૨૯ રવિવારે આયોજાયેલ છે.અને તેના અનુંસંધાનમાં ૨૧ મી જુલાઈ,શનિવારથી સપ્તદેવ કથા અને જ્ઞાનયજ્ઞનું પારાયણ રાખવામાં આવેલ છે.જેની પૂર્ણાહુતિ ૨૭ જુલાઇ શુક્રવારે સાંજે ૭:૦૦ થશે.

૨૮ મી જુલાઈ,શનિવારે પ્રાતઃકાળે શ્રૃંગાર આરતી પછી મંદિરમાં ધ્વજા પૂજન, ધ્વજારોહણ અને કળશ પૂજા તથા સ્થાપન થશે.બપોરે ત્રણ વાગ્યાથી શ્રી મારૂતિ યજ્ઞ,પ્રવચન તથા ભજન કીર્તન થશે.

૨૯ મી જુલાઈ રવિવારે શ્રી રાધાકૃષ્ણ દેવ, ત્રિપુરારિ દેવાધિદેવ ભગવાન શ્રી શંકરજી,આદ્યશક્તિ મા જગદંબા, શ્રી વિઘ્નવિનાયક ગણપતિ મહારાજ, મહાવીર હનુમાનજી તથા શ્રીસુર્યનારાયણ ભગવાનના વિવિધ અભિષેક તથા મહાપૂજા અને અન્નકૂટ થશે, તથા બપોરે માતાજીનો હવન થશે. વિદ્વાન બ્રાહ્મણો- સંતોદ્વારા મહા અભિષેક, મહાપૂજા,યજ્ઞ આદિ સંપન્ન થશે. આ કાર્યક્રમોમાં તેમજ સપ્તદેવ કથાઅને જ્ઞાનયજ્ઞમાં સહ કુટુંબ હાજર રહેવા હાર્દિક આમંત્રણ પાઠવીએ છીએ.

આશા છે કે આપ સૌ આ મહત્ત્વપૂર્ણ કાર્યક્રમોમાં અવશ્ય પધારી દેવ દર્શન,યજ્ઞ-પૂજન અને પ્રવચનનો લાભ લેશોજી.

માનવ સેવા મંદિરના ચેરમેનશ્રી, પ્રમુખશ્રી, બંન્ને બોર્ડના સભ્યો,સર્વ કાર્યકર્તાઓ અને હરિભક્તોના આ આમંત્રણને આપ સ્વીકારી ઉપર જણાવેલ દિવ્ય પ્રસંગોમાં સહકુટુંબ હાજર રહી કૃતાર્થ થશો એવી અમારી આશા અને વિશ્વાસ છે.

**નોંધ;** આ આમંત્રણને રૂબરૂ મળ્યા તુલ્ય માની અવશ્ય પધારશો.અનિવાર્ય કારણોસર શક્ય ન બને તો આપની સુવિધા માટે મંદિરના સરમનામાવાળું કવર મોકલેલ છે.જેમાં આપ ઈચ્છો તે યોગ્ય ભેટ મોકલી શકાશે.

જય શ્રી કૃષ્ણ

શ્રી જયરામભાઈ પટેલ
ચેરમેનશ્રી

શ્રી ડાહ્યાભાઈ પ્રજાપતિ
પ્રમુખશ્રી

||ન માનુષાત્ પરો ધર્મઃ||

FED. ID# 363305973

# માનવ સેવા મંદિર

# Manav Seva Mandir

101 South Church Road • Bensenville, Illinois 60106
Tel. 630-860-9797 • Fax. 630-860-9825
www.manavsevamandir.org

||ન માનુષાત્ પરો ધર્મઃ||

FED. ID# 363305973



*Cordially invites all devotees to attend*

## Saptadev Katha and GyanYgya

## by Pujya Giriraj Shastriji



**at Mahalaxmi Hall, Manav Seva Mandir**

**July 21, 2012 to July 27, 2012**

| | | | |
|---|---|---|---|
| Saturday, July 21, | | | |
| | 2:00 pm to 5:00 pm | | |
| | 6:00 pm to 9:00 pm | Pravchan | Hanumanji Maharaj |
| | Prasad will be served | | |
| Sunday, July 22, | | | |
| | 2:00 pm - 5:00 pm | Pravcahn | Suryanarayan Bhagwan |
| | 6:00 pm to 9:00 pm | | |
| | Prasad will be served | | |
| Monday, July 23, | 6:00 pm - 9:00 pm | Pravchan | Mahadev Bhole Sharkarji |
| Tuesday, July 24 | 6:00 pm - 9:00 pm | Pravchan | Ganpati Maharaj |
| Wednesday, July 25, | | | |
| | 6:00 pm - 9:00 pm | Pravchan | Mataji |
| Thursday, July 26, | | | |
| | 6:00 pm - 9:00 pm | Pravchan | Radha Krishna |
| Friday, July 27, | 5:30 pm to 7:15 pm | Pravchan<br>Purnahuti | Radha Krishna |

Monday, Tuesday, wednesday and Thursday Light refreshment will be served
(before Katha ) 5 pm to 6 pm

**For Sponsership of main Shrota and Yajman**

***please call the Mandir at (630) 860-9797 or any of the following:***

*Jayrambhai patel (847) 204-0786 • D. P. Prajapati 847-673-9920 • Ishwar Patel (847) 382--0270*
*Madhukant Shah (630) 205-7337 • Gautam Gor (630) 968-9394 • Rajubhai Chauhan (847) 673-7110*

***Jay Shree Krushna***

# 19th PATOTSAV PROGRAM DETAILS

## Saturday, July 28, 2012

| | | |
|---|---|---|
| 7:00 am - 7:30 am | મંગળા આરતી | Mangala Arti |
| 7:30 am - 8:30 am | ભક્તિ સંગીત | Bhakti Sangeet |
| 8:30 am - 9:00 am | શ્રુંગાર આરતી | Shringar Aarti |
| 9:00 am - 9:30 am | સ્વાગત-વિપ્રવરણી | Welcome & Vipra Varni |
| 9:30 am- 10:30 am | કળશ અને ધ્વજા પૂજન | Kalash & Dhwaja Pujan |
| 10:30 am- 12:30 pm | કળશ અને ધ્વજા આરોહણ | Kalash &DhwajaHoisting |
| 12:30 pm-3:00 pm | આરતી, ફળાહાર, પ્રસાદ અને વિશ્રામ | Aarti,Falahar,Prasad & Vishram |
| 3:00 pm - 6:00 pm | મારૂતિ યજ્ઞ | Maruti Yagna |
| 6:00 pm - 7:30 pm | શ્રી ગિરિરાજ શાસ્ત્રીજીનું પ્રવચન | Pravachan by Shri Giriraj Shastriji |
| 7:30 pm - 8:00 pm | સંધ્યા આરતી | Sandhya Arti |
| 8:00 pm Onwords | મહા પ્રસાદ | Mahaprasad |

## Sunday, July 29, 2012

| | | |
|---|---|---|
| 7:00 am -7:30 pm | મંગળા આરતી | Mangala Arti |
| 7:30 am - 8:30 am | ભક્તિ સંગીત | Bhakti Sangeet |
| 8:30 am - 9:00 am | શ્રુંગાર આરતી | Shringar Aarti |
| 9:00 am - 11:00 am | મૂર્તિ દર્શન, મહા અભિષેક | Murti Darshan, Maha Abhishek |
| 11:00 am - 12:00 pm | શ્રી ગિરિરાજ શાસ્ત્રીજીનું પ્રવચન | Pravachan by Shri Giriraj Shastriji |
| 12:00 pm - 1:00 pm | મહા પૂજા, રાજભોગ આરતી | Maha Puja & Rajbhog Aarti |
| 1:00 pm - 3:00 pm | ફળાહાર, પ્રસાદ, વિશ્રામ | Falahar, Prasad & Vishram |
| 3:00 pm - 5:00 pm | માતાજીનો હવન | Matajino Havan |
| 5:00 pm -6:00 pm | અન્નકૂટ પૂજા | Annakut Puja |
| 6:00 pm - 7:30 pm | ભક્તિ સંગીત | Bhakti Sangeet |
| | આભારવિધિ, વિપ્ર વિદાય | Vote of Thanks, Vipra Viday |
| 7:30 pm - 8:00 pm | સંધ્યા આરતી | Sandhya Aarti |
| 8:00 -pm - 9:00 pm | પ્રદક્ષિણા, મહાપ્રસાદ | Pradakshina & Mahaprasad |



# વેદાંતાચાર્ય, ભાગવતાચાર્ય
# પરમ ભગવદીય વિદ્વાન
# પૂજય શ્રીગિરિરાજભાઈ શાસ્ત્રીજી
# (વડોદરા)

પ્રભાવશાળી, મનમોહક વ્યકિતત્વ ધરાવતા, સદા આનંદી રહેતા અને પોતાના સંપર્કમાં આવનાર સૌ કોઈને એમના સહજ આનંદની વર્ષામાં ભીજવનાર તથા પોતાના કવિહદયની મધુરતાને સ્વરચિત ગઝલો અને કાવ્યોમાં ઢાળનાર પૂજયશ્રી ગિરિરાજભાઈ શાસ્ત્રીજીએ, માત્ર ત્રીસ વર્ષની યુવાન વયે, હિંદુ સનાતન ધર્મના સર્વ શાસ્ત્રોનો તલસ્પર્શી અભ્યાસ કરી, પુષ્ટિમાર્ગના સઘળા સિધ્ધાંતોને આત્મસાત કરી એક આધુનિક અભિગમ સાથે પુષ્ટિમાર્ગના પ્રચાર–પ્રસાર ના ભગીરથ કાર્ય માટે પોતાનું જીવન સમર્પિત કરી દીધું છે

આપણું અહોભાગ્ય છે કે પૂ. શ્રી ગિરિરાજ શાસ્ત્રીજીની કથાનો લાભ આ વર્ષે માનવ સેવા મંદિરના હરિભક્તોને પ્રાપ્ત થશે.

---

## UP COMING EVENTS

| | |
|---|---|
| Saturday, June 20, 2012 | Manav Seva Mandir Picnic<br>Schiller Woods Forest preserve, Grove # 11<br>Irving Park And Cumerland, Chicago,<br>10 am to 7 pm $5 Donation |
| Saturday, July, 21, 2012 to<br>Friday, July 27, 2012 | Saptadev Katha, Manav Seva Mandir<br>Mahalxmi Hall |
| Saturday, July 28<br>Sunday , July 29 | MSM 19th Patotsav |
| Thursday, August 9, 2012 | Janmashtami, 8 pm to midnight |
| Saturday, August 11, 2012 | Nand Mahotsav- 5 pm onward |

# Manav Seva Mandir

(Non Profit Organization)

## SAPTDEV KATHA & PATOTSAV YAJMAN

### PROPOSED DONATION FOR EACH EVENT/PUJA

| TYPE OF SEVA / PUJA | TYPE OF YAJMAN | DONATION | COMMENTS |
|---|---|---|---|
| Daily Evening Arti | During Ktha | $21 | Register at the office for Arti |
| Daily Prasad Sponsership | During katha | $501 | Can be two or More families |
| Saptadev Katha | Shrotas | $1001 | Each (total yajman 5) |
| | sah yajman | $501 | |
| | | | |
| | Patotasav Seva / Puja | | |
| Ganesh Puja /Sthapan | Main Yajman | $151 | |
| Bhadra Mandal Puja | Main Yajman | $101 | |
| Dhwaja Puja (Ropan) | Main Yajman | $251 | |
| Kalsh Puja (Total 5) | Main Yajman | $101 | Each |
| | | | |
| Ganeshji Mahapuja | Main Yajman | $251 | |
| | Saha Yajman | $151 | |
| Hanumanji Mahapuja | Main Yajman | $251 | |
| | Saha Yajman | $151 | |
| | | | |
| Suryadev Mahapuja | Main Yajman | $251 | |
| | Saha Yajman | $151 | |
| Mahadev Mahapuja | Main Yajman | $501 | |
| | Saha Yajman | $251 | |
| | | | |
| Radha-Krishna Mahapuja | Main Yajman | $501 | |
| | Saha Yajman | $251 | |
| | | | |
| Mataji Mahapuja | Main Yajman | $501 | |
| | Saha Yajman | $251 | |
| | | | |
| Annakut Puja | Main Yajman | $501 | |
| | Saha Yajman | $251 | |
| | | | |
| | | | |
| Daily Arti during Patotsav | | $31 | Register at the office for Arti |
| | | | |
| Maruti Yagya | Main Yajman | 251 | one |
| | Saha Yajman | 101 | Total 20 Yajmans |
| Matajino Havan | Main Yajman | $251 | one |
| | Saha Yajman | $101 | Total 20 Yajmans |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| For Sponsorship of Any Puja Please Call Manav Seva Mandir at 630-860-9797 | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |

# Logic of Spirituality Lecture by Swami Chinmayananda

In our last discussion, we learned about cause-effect relationships and three laws. Moving ahead, let us learn more about life. Life is one common to everyone and it expresses through, plant kingdom, animal kingdom and human kingdom. If we look at the world with this eye of knowledge and understanding, everything happening in this world is a play of God. We call him the Lord of this universe and minus him there is no universe.

All we see around is his play through various equipments. This one mighty presence and power, which is expressing through all living beings is at all times called supreme reality or truth. It is also known as Om, Atman, Brahman, the life principle, pure conscious or the Absolute.

The mighty presence in us is called Om. Om is the name given and universally accepted. You may call any name for this divine power. It does not matter. Om is a sound symbol that represents the power or faculty in us.

The questions comes to our mind is, where is God? Who is he?

Let is apply the second law. "Effects are nothing, but the cause in different form." So all we see around us is God in various forms. God is not just sitting in Heaven and manufacturing everything to throw in world market. He makes everything and also becomes part of it. He is in everything around us. How far is the clay from pot? How far is the gold from ornament? And how far is the ocean from waves? – So far is God from his creation. All the plurality that we see is due to our mind.

When we ask, "What is life?" We only know the expression of life. If I ask, what is electricity? You will say, the light in the bulb, the heat in the heater, or the sound in the radio. These are all expressions of electricity; by it self-electricity is something else. Same way, life is not my movements, my physical ability, my beauty, my intelligence or accomplishments. These are all expressions of life. We know life is within us, but we don't know what it is.

Due to our curiosity, when we know it is there, but don't know what it is—let us call it X in arithmetics. Similarly this spark of life, this touch of conscious, let us call it Om. What is that Om that is what we are searching

-to be continued.

---

# આધ્યાત્મિકતાનું તત્વજ્ઞાન

(પૂ. સ્વામી શ્રી ચિન્મયાનંદજીના સત્સંગ પર આધારિત)

આપણે ગત ચર્ચા વિચારણા દરમિયાન કાર્ય કારણ સંબંધ અને ત્રણ સિધ્ધાંતો વિષે જાણકારી મેળવી, આગળ વધતાં આપણે જીવન બાબતમાં વધારે જાણીશું

ચેતન તત્ત્વ એક જ છે. અને તે પ્રાણીજગત, વનસ્પતિ જગત અને માનવ જગત દ્વારા અભિવ્યક્ત થાય છે.જો આપણે આ જગતને જ્ઞાન અને સમજશક્તિની દ્રષ્ટિથી જોઇશું તો આ જગતમાં બનતી દરેક ક્રિયા ભગવાનની લીલા જ લાગશે. આપણે આ તત્ત્વને સમસ્ત સૃષ્ટિના અધિપતિ પણ કહી શકીએ.આ તત્ત્વને (કારણને) બાદ કરતાં કોઇ સૃષ્ટિ શક્ય નથી.આપણી આજુબાજું આપણે જે નિહાળીએ છીએ તે જુદા જુદા સાધનો દ્વારા તેની લીલા છે. આ મહાન હસ્તિ (શક્તિ) કે જે જુદા જુદા જીવો દ્વારા અભિવ્યક્ત થાય છે તેને વાસ્તવિકતા અથવા સત્ય કહેવામાં આવે છે.

આપણી અંદર રહેલી મહાન શક્તિ એ જ સર્વ જગ્યાએ છે જેને "ઓમ" થી આોળખવામાં આવે છે.ઓમ ને સાર્વત્રિક રીતે સ્વીકાર મળેલ છે. બાકી તો આપણે ગમે તે નામ આપીએ તો પણ કશો ફેર પડતો નથી.

ઓમ એ આ શક્તિ કે ઘટકને દર્શાવનાર ધ્વનિ સંકેત છે. અને બીજા ઘણા નામોથી જાણીતું છે. જેવા કે આત્મા, બ્રહ્મ, જીવન સિધ્ધાંત, શુધ્ધાત્મા, સંપૂર્ણ વાસ્તવિકતા, સત્ય વગેરે.

ઘણી વાર આપણા મનમાં પ્રશ્ન ઉઠે છે કે ભગવાન ક્યાં છે ? ભગવાન કોણ છે ? ચાલો આપણે બીજા નંબરના સિધ્ધાંતને અમલમાં મૂકીએ. "પરિણામ એ બીજું કશું નથી પણ કારણનું વિભિન્ન સ્વરૂપ છે," આપણી આજુબાજુ આપણે નિહાળીએ છીએ તે સર્વ ભગવાનનાં જુદાં જુદાં સ્વરૂપો છે. ભગવાન કોઈ સ્વર્ગમાં બેસીને દુનિયાના બજારમાં જુદી જુદી વસ્તુઓ બનાવી ફેંકતા નથી. ભગવાન દરેક વસ્તુ બનાવે છે.અને પોતે તેમાં સમાઈ જાય છે.ભગવાન આપણી આજુબાજુની સર્વ વસ્તુમાં છે. જેટલે દૂર ઘડાથી માટી છે– જેટલે દૂર દાગીનાથીસોનું છે– જેટલે દૂર મોજાથી સમુદ્ર છે, તેટલે જ દૂર ભગવાન તેના સર્જનથી છે. આપણને દેખાતી બહુલતા તથા અનેકતા એ આપણા મનનું કારણ છે.

જ્યારે આપણે પ્રશ્ન કરીએ છીએ કે જીવન શું છે ? ત્યારે આપણે જીવનની અભિવ્યક્તિ અથવા લાક્ષણિકતાની વાત કરીએ છીએ, જો આપણે પ્રશ્ન કરીએ કે વીજળી શું છે ? તો જવાબ મળશે કે ગોળામાં રહેલ પ્રકાશ, હીટરની ગરમી અથવા રેડીયાનો અવાજ. પણ આ તો વીજળીની અભિવ્યક્તિ છે. વીજળી તો કોઈ બીજી જ વસ્તુ છે. આ રીતે જીવન એ આપણું હલનચલન નથી, આપણી શારીરિક બાહોશી નથી, આપણી સુંદરતા નથી. આપણી બુધ્ધિ નથી કે આપણી સિધ્ધિ નથી. આ તો જીવનની અભિવ્યક્તિઓ છે.આપણે જાણીએ છીએ જીવન શક્તિ આપણી અંદર છે, પણ આપણે તે નથી જાણતા કે તે શું છે.

આપણી જાણવાની જિજ્ઞાસાને કારણે આપણને ખબર છે કે ચેતન તત્ત્વ આપણામાં છે.પણ તે શું છે તેની ખબર પડતી નથી, ગણિતશાસ્ત્રમાં આપણે તેને (X) કહીએ છીએ.તેવી રીતે તેજના ઝબકારાને અથવા બ્રહ્મને આપણે ઓમ કહીશું.આ ઓમ શું છે તેની જાણકારી મેળવવા આપણે પ્રયત્ન કરીશું

ક્રમશઃ

## સપ્તદેવ કથા અને ૧૯ મા પાટોત્સવ
## માટે દાન સેવા

માનવ સેવા મંદિરમાં બિરાજતા દેવોના ચરણોમાં મારી નીચે
મુજબની સેવા સ્વીકારવા વિનંતી છે.

ડોલર________ સપ્તદેવ કથા

ડોલર________ કથા દરમિયાન આરતી

ડોલર________ પાટોત્સવ દરમિયાન આરતી

ડોલર________ ફુલ, પુજાપો, શણગાર અને બીજી જરુરી સેવાઓ

ડોલર________ પ્રસાદની સેવા

ડોલર________ શનિવારનો મારુતિ યજ્ઞ

ડોલર ________ રવિવારનો માતાજીનો હવન

ડોલર________ અન્ય સેવા

નામઃ ____________________________________________

સરનામું ____________________________________________

ફોનઃ ____________________________________________

મારો દાન/સેવાનો ચેક બીડેલ છે.
નોંધ: મંદિરને આપેલ દાન કરમુક્ત છે.